ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

શ્યામ શુકનમાં પોઈઝનીંગની ૧૦૬ લોકોને અસર

ાવરાત્રીના ગરબા પછી દહીંવડા ખાધા બાદ આ ઘટના સામે આવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં ભાઈજીપુરા વિસ્તારમાં આવેલ શ્યામ શુકન ફલેટમાં ફૂડ પોઈઝનીંગ ઘટના ગઈરાત્રે સામે આવતાં શહેરના આરોગ્યતંત્રમાં દોડધામ મચી ગઈ હતી.

મળતી વિગતો પ્રમાણે નવરાત્રીના ગરબા પછી દહીંવડા ખાધા બાદ આ ઘટના સામે આવી છે. તંત્રના અધિકારીઓને જાણ થતાં જ રાત્રે જ આ વિસ્તારમાં કેમ્પ શરૂ કરી અને સારવાર અસરગ્રસ્તોની શરૂ કરવામાં આવી હતી.

આ ફૂડ પોઈઝનીંગને પગલે એક વ્યક્તીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ફૂડ પોઈઝનીંગની અસર ૧૦૬ જેટલા લોકોને થઈ હતી. આ નાસ્તો ૪૫૦થી વધુ લોકોએ આરોગ્યો હોવાનું જાણવા મળેલ છે.

આજરોજ તા. ૩-૧૦-૨૨ના રોજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આવેલ પીડીપીયુ રોડ, ભાઈજીપુરા વિસ્તારમાં આવેલ શ્યામ શુકન ફલેટમાં ફૂડ પોઈઝનીંગના આશરે ૧૦૬ કેસ નોંધાયેલ છે. જેમાં નવરાત્રીના તહેવાર નિમિત્તે તા. ૨-૧૦-૨૨ના રોજ સોસાયટીમાં દહીંવડાનો નાસ્તો રાખવામાં આવેલ. જે આશરે ૪૫૦થી વધુ માણસો દ્વારા લેવામાં આવેલ. જેમાંથી ૧૦૬ જેટલા માણસોને પેટમાં દુખાવો, ઉબકા, ઉલ્ટી તથા ઝાડાની ફરીયાદ આજરોજ થતા ગાંધીનગર મહાનગરપાલિકાની આરોગ્યની ટીમ સ્થળ પર પહોંચેલ તથા તમામ અસરગ્રસ્ત લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવેલ છે, તેમજ કુલ ૭ ટીમ દ્વારા સમગ્ર સોસાયટીમાં સર્વેલન્સની કામગીરી કરીને જરૂરી દવાઓ તથા ઓઆરએસના પેકેટ આપવામાં આવેલ છે. એક વ્યક્તિને દાખલ કરવામાં આવેલ છે. તેમજ અન્ય ૧૦૫ વ્યક્તિઓને સ્થળ પર જ સારવાર આપવામાં આવેલ. તમામ વ્યક્તિઓની સ્થિતિ નોર્મલ છે.

૧૫ દિવસમાં બીજીવાર શહેર-જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો નથી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો આજે એક પણ કેસ નોંધાયો નથી. ૧૫ દિવસમાં બીજીવાર એવુ થયુ છે કે શહેર-જિલ્લામાં કોરોનાનો કેસ નોંધાયો નથી.

નવરાત્રી પર્વ અને રવિવારની રજાને કારણે ટેસ્ટીંગ પણ ઓછુ થયુ હોવાનું જાણવા મળેલ છે. શહેર-જિલ્લામાં રોજના એક હજાર જેટલા લોકોને આવરી લઈ આર.ટી.પી.સી.આર. ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ૧૫ દિવસમાં બીજીવાર આજે કોરોનાનો એક પણ કેસ ન નોંધાતા તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે. જો કે આ વખતે શહેર-જિલ્લામાં હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો નોંધાયો છે અને રિકવરી રેટ પણ ૯૬ ટકાથી વધુ છે તેથી પણ તંત્રને રાહત છે.

શહેર-જિલ્લામાં આજે ૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં ૩ દર્દી અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેર-જિલ્લામાં હાલ ૪૦ જેટલા એકટીવ દર્દીઓ સારવાર હેઠળ છે.

રસ્તાનું કામ અટવાયું : સેક્ટર-૫/૬ના કટ પાસે સેક્ટર-૬માં જવાનો માર્ગ છેલ્લા ઘણા સમયથી બંધ પડ્યો હતો... એક તરફનો જ માર્ગ ચાલુ હતો... લાંબા સમય પછી બંધ માર્ગનું કામ હાથ ધરાયું હતું... પરંતુ કોઈ કારણસર આ માર્ગનું કામ હાલ બંધ હાલતમાં છે... નાગરિકો માર્ગ ખુલે એની રાહ જોઈ રહ્યા છે..

લાંબા સમયના અંતે શહેરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ

ગત જાન્યુઆરી મહીનામાં ઘ માર્ગના રીસરફેસીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી જ્યારે ઘ-૪ થી ઘ-૭ વચ્ચેનુ કામ બાકી કામ પુર્ણ કરવા આખરે આઠ મહીનાના અંતે કામ શરૂ

ગાંધીનગર તા ૩

ગાંધીનગરમાં માર્ગ સુધારણાનુ કામ છેલ્લા ચાર મહીનાથી બંધ છે. વરસાદી દિવસોમાં આમ પણ ડામર કામ કરવામાં આવતુ નથી જ્યારે હવે ચોમાસા બાદ નવરાત દરમિયાન નગરમાં માર્ગોના રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં આવી રહ્યુ છે. હાલ નગરના મુખ્ય ઘ માર્ગની સુધારણાનુ કામ શરૂ કરાયુ છે. જ્યારે તબક્કાવાર અન્ય બાકી કામો પણ હાથ ધરાશે સેકટરોના આંતરિક માર્ગોની સુધારણાની જવાબદારી હવે કોર્પોરેશનના શીરે હોવાથી નવરાતના અંતે નવા સેકટરોમાં પણ ચાર વર્ષના અંતે માર્ગોનુ રીસરફેસીંગ કરવામાં આવશે

શહેરમાં મોટાભાગના માર્ગોની દશા ખરાબ છે. અલબત્ત સેકટરોના આંતરિક માર્ગો પણ નિયત સમયના અંતે ઉબડ ખાબડ બન્યા છે. જ્યારે મુખ્યમાર્ગોની સુધારણા પણ અનિવાર્ય બની છે. આ સ્થિતિ વચ્ચે તંત્ર દ્વારા નગરના મુખ્ય ચ માર્ગના રીસરફેસીંગ તેમજ ખ માર્ગ પર બાકી રહેતી કામગીરી માટે પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે.જ્યારે બીજીતરફ ગ માર્ગને સિકસલેન બનાવાની કામગીરી પણ કોપોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. જે લાંબા સમયથી પુર્ણ થઈ નથી જો કે ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર થઈ ગયા બાદ હવે આ કામમા પણ ઝડપ આવશે. જ્યારે ગત જાન્યુઆરી મહીનામાં પણ વાઈબ્રન્ટ સમિટની તૈયારીને અનુલક્ષી નગરના મુખ્ય ઘ માર્ગના રીસરફેસીંગનુ કામ શરૂ કરાયુ હતુ પરંતુ વાઈબ્રન્ટનુ આયોજન પડતુ મુકાયા બાદ આ કામગીરી પણ બાકી રહી ગઈ હતી. આ સ્થિતિ વચ્ચે હજુ સુધી ઘ માર્ગનુ કામ હાથ ધરાયુ ન હતુ. સરકારી પ્લાન્ટના આધારે ઘ માર્ગના સરફેસીંગની

● અનુસંધાન પાન-૭ પર

કારોબારી સમિતિના ચેરમેન તરીકે અનિલભાઈ પટેલની સર્વાનુમતે વરણી

ચેરમેન અનિલભાઈ પટેલ એકાદશીના દિવસે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન તરીકે ભાજપના અનિલભાઈ પટેલની આજે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

જિલ્લા પંચાયતની કારોબારી સમિતિની બેઠક આજે બપોરે ૩ વાગે કારોબારી સમિતિના ચેરમેનના રૂમમાં મળી હતી. જેમાં સમિતિના કાર્યકારી અધ્યક્ષ તરીકે લીલાબેન જયંતિભાઈની નિમણુંક કરાઈ હતી.

આ પછી નવા કાયમી ચેરમેનની નિયુક્તીનો મુદ્દો હાથ ધરવામાં આવ્યો હતો. સમિતિના ચેરમેન તરીકે પલિયડ બેઠક પરથી વિજયી થયેલા અનિલભાઈ પટેલના નામની એક જ દરખાસ્ત આવી હોવાથી તેમની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

નવા વરાયેલા ચેરમેન અનિલભાઈ પટેલ એકાદશીના દિવસે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળશે. કલોલ તાલુકાને અન્યાય થાય નહિ અને સભ્યોમાં એકમતિ રહે તે હેતુસર સંગઠ્ઠનમાંથી જ અનિલભાઈના નામનો મેન્ડેટ પક્ષના મહામંત્રી રમણભાઈ દેસાઈ લઈને આવ્યા હતા.

અનિલભાઈની નિમણુંકને સૌ સભ્યો અને આગેવાનોએ આવકારી અને અભિનંદનની વર્ષા તેમના પર કરી હતી.

શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસ પાર્ટીમાં જવાના એંધાણ આપ્યા

શંકરસિંહ વાઘેલા કરી શકે છે મોટી જાહેરાત : ગાંધીનગરમાં શંકરસિંહ વાઘેલાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી, જેમાં શંકરસિંહ વાઘેલા કોંગ્રેસનો હાથ પકડે તેવી ચર્ચા જાગી

ગાંધીનગર,તા. ૩

ગુજરાત વિધાનસભા ચૂંટણી માથે ગાજી રહી છે. તેવી સ્થિતિ વચ્ચે રાજયના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા ફરી રાજકારણમાં એક્ટિવ થયા છે. અગાઉ શંકરસિંહ વાઘેલાએ કોંગ્રેસમાં જવાના એંધાણ આપ્યા હતા. પરતું ત્યારબાદ આ મુદ્દો શાંત પડી ગયો હતો. આ દરમિયાન પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા આવતીકાલે કોંગ્રેસના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અર્જુન મોઢવાડીયા સાથે અમદાવાદમાં પત્રકાર પરિષદ યોજશે. જેને લઈને શંકરસિંહ ફરી કોંગ્રેસમાં ભળી જવાની અટકળો તેજ બની છે. પત્રકાર પરિષદ દરમિયાન શંકરસિંહ વાઘેલાની કોંગ્રેસમાં રી-એન્ટ્રી મુદે મોટી જાહેરાત થઈ શકે છે.

આગાઉ ગાંધીનગરમાં શંકરસિંહ વાઘેલાએ પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં શંકરસિંહ વાઘેલા કોંગ્રેસનો હાથ પકડે તેવી ચર્ચા જાગી હતી પરંતુ જો ગુજરાત કોંગ્રેસ દારૂબંધી હટાવવાનું વચન આપે તો કોંગ્રેસમાં જોડાય તેવી વાત પણ આવી હતી.

આ અગાઉ આ વર્ષના અંતે યોજાનારી ચૂંટણીમાં શંકરસિંહ વાઘેલા પોતાની નવી પાર્ટી

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર દુધ વાપરનારાઓની સહકારી મંડળીના નવા હોદેદારોની વરણી કરાઈ

મંડળીના ચેરમેન તરીકે દિલીપસિંહ આર ચૌહાણ જ્યારે મેનેજીંગ ડિરેકટર તરીકે નગરના યુવા અગ્રણી કેતન ડી પટેલની સર્વાનુમતે વરણી કરાઇ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર દુધ વાપરનારાઓની સહકારી મંડળી લી ના વ્યવસ્થાપક સમિતિના સભ્યોની તા૩૦ સપ્ટેમ્બરના રોજ મંડળીના કાર્યાલય ખાતે બેઠક યોજવામાં આવી હતી. આ બેઠક દરમિયાન મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી જયારે સહકારી મંડળીના વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ સર્વાનુમતે હોદેદારોની વરણી કરી હતી જેમાં ગાંધીનગર દુધ વાપરનારાઓની સહાકારી મંડળીના ચેરમેન તરીકે દિલીપસિંહ આર ચૌહાણ તેમજ મેનેજીંગ ડિરેકટર તરીકે કેતનભાઈ ડી પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

ગાંધીનગર દુધ વાપનરઓની સહકારી મંડળી લીમિટેડની વ્યવસ્થાપક સમિતિના સભ્યોની ગત તા ૩૦ સપ્ટેમ્બરના રોજ મંડળીના કાર્યાલય ખાતે બેઠક યોજવામાં આવી હતી જયારે આ બેઠક દરમિયાન વિવિધ મહત્તવના મુદ્દો અંગે ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી આ દરમિયાન વ્યવસ્થાપક સમિતિના સભ્યોએ સર્વાનુમતે નવા હોદેદારોની વરણી કરી હતી જેમાં દુધ વાપરનારાઓની સહકારી મંડળીના ચેરમેન તરીકે દિલીપસિંહ આર ચૌહાણ તેમજ મેનેજીંગ ડીરેકટર તરીકે નગરના યુવા અગ્રણી કેતનકુમાર ડી પટેલની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી આ ઉપરાંત મંડળીના વાઇસ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં શેરી ગરબાએ રંગ જમાવ્યો

આજ અમે ગ્યાતા... - પાટણ હોય કે પાલીતાણા નવરાત્રીમાં બધે જ ગરબાની ધૂમ છે. બાળકોથી લઈને મોટેરાઓ સૌ કોઈ અવનવા ગરબાના તાલે જુમી રહ્યા છે. કોઈ પાર્ટી પ્લોટના વિશાળ આયોજનમાં ગરબે ગુમવાનો લ્હાવો લઈ રહ્યા છે તો કોઈ સોસાયટીના નાકે થતાં શાંત શેરી ગરબામાં ગરબે ઘુમીને મા આદ્યશક્તિની આરાધનાનો અવસર પ્રાપ્ત કરી રહ્યા છે. શહેરના સેક્ટર-૭-સી, સેક્ટર-૧ ઉની અને સેક્ટર-૫-એ ખાતે શેરી ગરબાનું આયોજન કરાયુ છે. જેમાં સ્થાનિક વસાહતીઓ જોડાઈ રહ્યા છે.

ગુડાના મુખ્ય કારોબારી અધિકારી તરીકે વી એન શાહ

ગાંધીનગર તા ૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળમાં મુખ્ય કારોબારી અધિકારી તરીકે સુરત અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીમાં કમિશ્નર તરીકે ફરજ બજાવતા વી એન શાહને બદલીથી મુકાયા છે. ગુડાના મુખ્ય કારોબારી અધિકારી તરીકે અત્યાર સુધી મહાનગરપાલિકાના કમિશ્નર ધવલ પટેલ ચાર્જ સંભાળતા હતા જયારે હવે ગુડામાં કાયમી મુખ્ય કારોબારી અધિકારી તરીકે વી એન શાહને સુરતથી બદલી કરી સી ઈ ઓ તરીકે મુકાયા છે. ગુડામાં લાંબા સમયથી આ જગ્યા ચાર્જમાં ચાલતી હતી. મુખ્ય કારોબારી અધિકારીની જગ્યા પર કાયમી અધિકારીની નિમણુંક થતા હવે ગુડાના વિકાસ કામોમાં વધુ તેજ ગતિ આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

આજે ગુડાની બોર્ડ બેઠક ધવલ પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જેમાં ગુડાના વિવિધ પ્રોજેક્ટોની સમીક્ષા હાથ ધરવામાં આવી હતી અને મોડી સાંજે તેમની બદલીનો હુકમ આવતા કર્મચારીઓમાં સન્નાટો વ્યાપી ગયો હતો.

જાહેર ચેતવણી

અમારા અસીલ ઈલાબેન જીતુભાઈ વાળા ઉ.વ.આ. પુખ્ત, ધર્મે : હિન્દુ, રહે. ફ્લેટ નં. ૨૦૨, વૃંદાવન કોમ્પલેક્ષ, કુડાસણ, તા.જી. ગાંધીનગરની સુચના અને ફરમાઈશથી જાહેર જનતાને આ ચેતવણી આપીએ છીએ કે...

આથી અમો જાહેર જનતા જોગ જાહેર નોટીસ આપીએ છીએ કે અમારી અસીલની દીકરી નામે શ્રેયાબેન જીતુભાઈ વાળા જે અમારા કહ્યામાં રહ્યા નથી જેઓ પોતે સ્વચ્છંદીત જીવન જીવવા ટેવાયેલા છે. તેઓના લગ્ન તા. ૬/૨/૨૦૧૮ના રોજ થયેલા અને ત્યારબાદ તેઓએ ટુંકજ સમયમાં છુટાછેડા લીધેલા અને તેઓ પોતાની મરજીથી અને ઈચ્છા મુજબ અલગ રહેતા હોઈ અને તેઓ અમારા અસીલના ઘરે આવવા માંગતા ના હોઈ તે બાબતનું લખાણ પણ અમોના અસીલને મોકલી આપેલ છે. માટે કરી અમારા અસીલે તેમની સ્થાવર તેમજ જંગમ મીલકતમાંથી બેદખલ કરીએ છીએ અને ભવિષ્યમાં પણ તેમનો કોઈ લાગભાગ રહેશે નહીં. તેઓએ લેખીતમાં અમારા અસીલ તથા તેમના પરિવાર સાથે કાયમી પણે સામાજીક, આર્થિક તેમજ કૌટુંબિક સંબંધો કાપી નાંખેલ છે તેમજ અમારા અસીલની કે કુટુંબની કોઈ જવાબદારી રહેશે નહી. માટે હવે પછી શ્રેયાબેન જીતુભાઈ વાળા તેઓ આજ પછી યાને આ નોટીસ પ્રસિદ્ધ થયા પછી ફક્ત શ્રેયા નામથી ઓળખાશે અને શ્રેયા સાથે જો કોઈ સામાજીક કે નાણાંકીય વ્યવહાર કરશે તો તેની સંપૂર્ણ જવાબદારી જેતે જવાબદારી જેતે વ્યવહાર કરનારની રહેશે. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

તારીખ : ૩/૧૦/૨૦૨૨
ગાંધીનગર
અસીલની સહી/-

મારી મારફતે
જગદીશચંદ્ર જે. સોલંકી (એડવોકેટ)
એમ/૬/૬૧, સરદાર પટેલ હાઉસીંગ કોલોની, સેક્ટર નં.૧૪, ગાંધીનગર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પવિત્ર આઠમના દિવસે ગુડાના ૪૦૧ લાભાર્થીઓને ઘરનું ઘર મળ્યું

ગુડા દ્વારા કોમ્પ્યુટરાઈઝ ડ્રો કરી આવાસની ફાળવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા આજે આવાસો નો ડ્રો કરવામાં આવ્યો હતો જેમાં સરગાસણ, વાવોલ અને પેથાપુરમાં બાંધવામાં આવેલા આર્થિક નબળા વર્ગના પરિવારો માટેના ૪૦૧ ફ્લેટ ટાઈપ આવાસનો ગુડા ભવન ખાતે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો કરાયો હતો નવરાત્રીમા લાભાર્થીઓને ઘરનું ઘર મળતાં હર્ષ ની લાગણી વ્યાપી હતી .

ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળના અધિકારી સુત્રોના જણાવવા પ્રમાણે આવાસની આ યોજના સંબંધમાં પ્રથમવાર ડ્રો કરવામાં આવ્યો ત્યારે જે લાભાર્થીઓને મકાન લાગ્યા ન હતાં. તેમની પ્રતિક્ષા યાદી બનાવવામાં આવી હતી આ વેઈટીંગ લિસ્ટમાં પણ ૨,૭૭૪ લોકો હતાં. જ્યારે બાકી રહેલા આવાસની સંખ્યા ૪૦૧ હોવાના પગલે કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોનું આયોજન કરવામાં આવ્યુ હતું. જે ફ્લેટ ટાઈપ આવાસ બાકી રહ્યા હતાં. તેમાં સરગાસણમાં ૨૮૧, વાવોલમાં ૯૯ અને પેથાપુરમાં ૨૧ ફ્લેટનો સમાવેશ હતો. ત્યારે નોંધવું રહેશે કે ગુડા દ્વારા સરગાસણમાં બે સ્થળે મળીને ૧૨૦૮, વાવોલમાં બે સ્થળે મળીને ૭૯૨ તથા પેથાપુરમાં ૧૦૦ મળીને કુલ ૨૧૦૦ ફ્લેટ ટાઈપ

● અનુસંધાન પાન-૭ પર

જોઈએ છે

પંચવટી પાર્ક, સેક્ટર-૨૩, અથવા સેક્ટર-૨૨ (ઘ-૫ સર્કલ)ની આસપાસ ભાડેથી મકાન જોઈએ છે. બે વ્યક્તિ (કપલ) માટે, બ્રાહ્મણ ફેમીલી

મો. ૯૮૨૪૦ ૪૬૬૩૬
મો. ૯૬૨૪૪ ૧૯૭૫૭
દલાલ આવકાર્ય

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com